ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૯.૮ ડીગ્રી
લઘુતમ : ૨૬.૪ ડીગ્રી
ભેજ
સવારે ૭૩ ટકા ● સાંજે ૮૯ ટકા

# આજના ગાંધીનગરના વેપાર-ધંધામાં સો ગણી તેજી





ગાંધીનગર, તા.૧

રાજયના પાટનગર ગાંધીનગરમાં પાંચ દાયકા પહેલા ખુલ્લા ખેતરો અને અંધારપટ્ટમાં કોઈ રહેવા તૈયાર નહોતું. ત્યારે ગાંધીનગર શહેરની સૌ પ્રથમ ઈંટ જીઈબી કચેરી ખાતે વર્ષ ૧૯૬૫માં મુકવામાં આવી હતી. ત્યારબાદ શહેરનું નિર્માણ ધીમે ધીમે થવા લાગ્યું. થોડી ઘણી કચેરીઓ અને માનવ વસાહત ઉભી કરવાની કામગીરી જોરશોરથી શરુ થઈ. શહેરમાં સરકારી કચેરીઓ તેમજ સેકટરો ગણતરીના વર્ષો તૈયાર થઈ જતા નાગરીકોની અવર-જવર દેખાતી હતી. રહેણાંક વિકાસ સાથે વેપાર ધંધાનો વિકાસ ઝડપથી થઈ શક્યો ન હતો. જેના કારણે તે સમયના વસાહતીઓને નાનીમોટી દરેક ચીજવસ્તુઓ લેવા માટે અમદાવાદ પર આધારીત રહેવું પડતું હતું. પરંતુ શહેરને પાંચ દાયકાનો સમય પસાર થતા શહેરની રોનક બદલાઈ ગઈ છે. પહેલા નગરજનોને મીઠાઈ લેવામાં માટે અમદાવાદ લાંબા થવું પડતું હતું, જયારે આજની સ્થિતિમાં સેકટરમાં ત્રણ સ્થળે મીઠાઈની દુકાનો આવેલી છે. છેલ્લા દોઢ દાયકામાં શહેરનો રોકેટગતિએ વિકાસ થતા શહેર જેવડું બીજું નગર બની જવા પામ્યું છે. પહેલાના સમય કરતા નગરના વેપાર-ધંધામાં ૧૦૦ ગણી તેજી જોવા મળી રહી છે. શહેરને અડીને આવેલા કુડાસણ, રાંદેસણ, રાયસણ, સરગાસણ સહિતના વિસ્તારો અમદાવાદના સીજી રોડને પાછળ પાડે છે. મોટી ઈમારતો અને મોંઘી બ્રાન્ડો વેપાર માટે આ વિસ્તારમાં થનગની રહી છે. જયારે રાત્રીના ઝગમગાટમાં અહીં માનવ મહેરામણ ઉમટે છે. જયારે શોંપીગ સેન્ટરની દુકાનોમાં ખરીદી કરવાનું ભુલાતું જાય છે અને ઓન લાઈન અને શહેરના મોટા મોલમાં ખરીદી એ સ્ટેટસ સિમ્બોલ બની ગયું છે. કર્મચારી નગરી તરીકે ઓળખાતુ ગાંધીનગર હાલ વિવિધ સાંસ્કૃતિ પ્રવૃતિને પગલે સાંસ્કૃતિક નગરી બની જવા પામ્યું છે. જયારે માત્ર બે લાખ જેટલી વસ્તી ધરાવતુ રાજયનું કેપીટલ આજની સ્થિતિએ બમણી વસ્તી ધરાવતું થઈ ગયું છે. શહેરની ઓળખ સમાન સે-૨૯માં આવેલી પહેલી દુકાન ભગવતી ફલોર ફેકટરી આજે પણ જુના ગાંધીનગરની યાદ અપાવી રહી છે. શહેરની પહેલી હોટલ-રેસ્ટોરન્ટ કે લોજ જે ગણો તે આદર્શ ભોજનાલય જે હાલની સ્થિતિએ અનેક આધુનિક હોટલ-રેસ્ટોરન્ટની સામે પણ અડીખમ ઉભી છે. શહેરમાં ગુજરાતી થાળી રૂ.૫૦ થી લઈને રૂ.૫૦૦ સુધીની મળી રહી છે. ટુંકમાં રાજયના પાટનગર ગાંધીનગરે પાંચ દાયકામાં રોકેટ ગતિએ વિકાસની હરણફાળ ભરતા પાટનગર દરેક ક્ષેત્રમાં ધમધમતું રહ્યું છે. જેમાં શિક્ષણ, આરોગ્ય, સાંસ્કૃતિક, સેવાકીય, વાહન-વ્યવહાર, ઓટોમોબાઈલ, ખાણી-પીણી બજાર સહિતનો સમાવેશ થાય છે. પહેલાના ગાંધીનગર કરતા હાલના નગરમાં દરેક ક્ષેત્રના વેપાર ધંધામાં સો ગણી તેજી જોવા મળી રહી છે. જયારે શહેરના એક વરિષ્ઠ આગેવાન કહે છે કે કોઈનું નહીં છતા આ નગર સૌનું છે.





## @ગાંધીનગર

● સે-૨૩માં આવેલ સ્વામિનારાયણ મંદિર ખાતે ફલાવર પોટના કલાત્મક હિંડોળામાં ઠાકોરજીને સાંજે ૫ થી ૮.૧૫ કલાક દરમિયાન ઝુલાવવામાં આવશે.

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે અષાઢ વદ-૫ના રોજ મોતીના હિંડોળાના દર્શન સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન યોજાશે.

● ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની માસિક બેઠક સાંજે ૫ કલાકે સ્વસ્તિક કોમ્પલેક્ષ બીજો માળ, સે-૨૨ ખાતે મળશે.

## આજે શહેરમાં મેયરના હસ્તે ૧૨ હજાર કાપડની બેગનું વિતરણ

ગાંધીનગર શહેરના સ્થાપના દિવસ અને રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના જન્મદિવસ દિનને અનુલક્ષી શહેર ભાજપ મહાનગર દ્વારા વિવિધ કાર્યક્રમો દ્વારા ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જયારે શહેરને પ્લાસ્ટીક મુકતના અભિયાન હેઠળ શહેરના મેયર પ્રવિણભાઈ પટેલ દ્વારા સવારે ૮ કલાકે જીઈબી ખાતે ૨૦૦૦ કાપડની બેગનું વિતરણ કરાશે. જયારે સેકટર-૨૧ શાકમાર્કેટ ખાતે સાંજે ૪ કલાકે બાપા સીતારામના ઓટલા પાસે શાકભાજી ખરીદી કરવા માટે આવતી મહિલાઓ તેમજ નાગરીકોને મેયર પ્રવિણભાઈ પટેલના હસ્તે કાપડની બેગ આપવામાં આવશે અને પ્લાસ્ટીકની બેગનો વપરાશ નહીં કરવા માટે સમજાવવામાં આવશે. જયારે પ્લાસ્ટીકથી પર્યાવરણ અને પશુઓના આરોગ્ય પર થતી ગંભીર અસરો વિશે માહિતીગાર કરાશે. જયારે ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર દ્વારા શહેરના વિવિધ વિસ્તારમાં જઈને કાપડની બેગનું વિતરણ કરાશે. આ ૧૨ હજાર બેગનો ખર્ચ મેયરની ગ્રાન્ટમાંથી કરવામાં આવશે. પ્લાસ્ટીક મુકત અભિયાન અંતર્ગત તંત્રનો નવતર અભિગમ આવકાર દાયક છે.

## મહાનગર ભાજપ અનુસુચિત જાતિ મોરચાના હોદેદારોની વરણી કરાઈ

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી, મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા, કે.સી.પટેલ, ગુજરાત અનુસુચિત જાતિ મોરચાના પ્રદેશ અધ્યક્ષ શંભુનાથ ટુંડીયા, મહામંત્રી વિક્રમભાઈ ચૌહાણ, ગૌતમભાઈ ગેડીયા, ગાંધીનગર મહાનગર ભાજપના અધ્યક્ષ મહેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર મહાનગર અનુસુચિત જાતિ મોરચાની બેઠક તાજેતરમાં યોજાઈ હતી. જેમાં હોદેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે ડો. નિતીન કુમાર પૂનમચંદ અનજાન, મહામંત્રી તરીકે કમલેશભાઈ બેન્કર, વિરેન્દ્ર ધીરજલાલ જાદવ, ઉપપ્રમુખ તરીકે ધીરુભાઈ ડોડીયા, ગુલાબચંદ પટેલ, ભરતભાઈ જાદવ, ખેમાભાઈ સોલંકી, મંત્રી તરીકે નયનભાઈ ચૌહાણ, બાબુભાઈ શ્રીમાળી, ગોંવિદભાઈ મકવાણા તેમજ બકુલાબેન એન પરમાર, કોષાધ્યક્ષ તરીકે જયંતિભાઈ ડાભી, કાર્યાલય મંત્રી તરીકે વિનોદભાઈ મકવાણાનો સમાવેશ થાય છે.

## શહેર ભાજપ દ્વારા ગાંધીનગરનો સ્થાપના દિવસ તેમજ મુખ્યમંત્રીના જન્મદિવસની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર મહાનગર ભારતીય જનતા પાર્ટી દ્વારા ગાંધીનગરનો ૫૪મો સ્થાપના દિન તથા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના ૬૩ઉમા જન્મદિન નિમિતે વૃક્ષારોપણ તથા ફ્રુટ વિતરણ અને મહાઆરતી જેવા વિવિધ કાર્યક્રમ યોજાશે. જેમાં ગાંધીનગર મહાનગર વોર્ડના તમામ હોદેદારો, કોર્પોરેટર્સ તથા આગેવાનો હાજર રહેશે.

શહેરના સ્થાપના દિવસ નિમિતે જી.ઈ.બી. ખાતે વસાહત મંડળ દ્વારા સવારે ૮.૪૫ કલાકે કાર્યક્રમ યોજાશે. જેમાં મહાનગર ભાજપના કાર્યકરો ઉપસ્થિત રહેશે. જયારે યુવા મોરચાના કાર્યકરો દ્વારા સવારે ૧૦ કલાકે રાજભવન સ્ટાફ ક્વાટર્સ સે-૧૯ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાશે. બક્ષીપંચ મોરચા તેમજ ભાજપ પક્ષ દ્વારા સીવીલ હોસ્પિટલ ખાતે સવારે ૧૧ કલાકે ફ્રુટ વિતરણ, તે ઉપરાંત મહિલા મોરચા તથા પાર્ટી દ્વારા બપોરે ૨ કલાકે સે-૧૬ દિવ્યાંગ બાળકોને ફુડ પેકેટ વિતરણ કરાશે. તેમજ સાંજે ૭ કલાકે કોર્પોરેટર નાઝાભાઈ ઘાંઘર દ્વારા સે-૧૩ અંબાજી મંદિર ખાતે મહાઆરતીનો કાર્યક્રમ યોજાશે. જેમાં ગાંધીનગર શહેરના રાજકીય આગેવાનો, હોદેદારો, પદાધિકારીઓ સહિત કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહેશે.

## વિસનગરા નાગર પરિવાર ગાંધીનગર રજત જયંતિ વર્ષ ઉજવશે

શ્રી વિસનગરા નાગર પરિવાર ગાંધીનગરની ચાલુ વર્ષે રજત જયંતિ વર્ષની ઉજવણી કરવામાં આવનાર છે. અતુલભાઈ પંડયાના કન્વીનર પદે ઉજવણી સમિતિ રચવામાં આવેલ છે જેમાં હિતેશભાઈ રાવલ મુખ્ય સરકારી વકીલ, ધર્મેન્દ્ર રાવલ, મયંકભાઈ દવે, સુરેશભાઈ મહેતા તથા સનતભાઈ પંડયા, કૌશિકભાઈ રાવલ વગેરે ઉજવણી કરવા જહેમત કરી રહ્યા છે. વિશેષમાં દર વર્ષની જેમ શ્રાવણ માસના દર સોમવારે શિવ મહિમ્ન સ્ત્રોતનું નાગર પરિવારોના ઘરે આયોજન કરવામાં આવે છે તો આ અંગે મંત્રી મહેશભાઈ રાવલને નોંધણી કરાવી લેવા જણાવાયું છે. તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવા માટે ૩૦મી સપ્ટેમ્બર પહેલા માર્કશીટ સેકટર પ્રતિનિધિઓને મોકલી આપવી તેમજ આ પ્રસંગે ૭૫ વર્ષના વયસ્કોનું સન્માન પણ કરવામાં આવનાર છે.

## પોલિસ અધિક્ષક મયુરસિંહની વસાહત મહાસંઘ સાથે મુલાકાત

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના હોદેદારો તથા સેકટરોના ૩૦ જેટલા વસાહત મંડળોના પદાધિકારીઓએ જિલ્લા પોલીસ અધિક્ષક મયુરસિંહ ચાવડાની મુલાકાત લીધી હતી. ગાંધીનગર જિલ્લામાં જિલ્લા અધિક્ષક તરીકે નિમણુંક થયેલ હોવાથી શુભેચ્છા મુલાકાત લેવામાં આવી હતી. સાથે સાથે જિલ્લાની સલામતી અંગેની પરિસ્થિતિ તથા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી.

પ્રમુખ કેશરીસિંહ બિહોલા, રાજેન્દ્રભાઈ પારેખ, જયેશભાઈ આગજા, જે.જે. ત્રિવેદી, જગદીશભાઈ પટેલ, મહેન્દ્રસિંહ ચાવડા, હરિસિંહ રાઠોડ, પી.એમ. અસારી, હિંમતલાલ મેકવાન, અશ્વિનભાઈ રાઠોડ, ઘનશ્યામસિંહ ગોલ, ઈશ્વરભાઈ પટેલ, ગીરીશભાઈ પટેલ જયેશ શુકલ, કે.ડી. પટેલ વગેરે મોટી સંખ્યામાં શુભેચ્છા અભિનંદન કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

## જિલ્લામાં મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી શરૂ

**મહિલા પોલીસ અધિકારીઓ દ્વારા શાળાઓમાં વિઝીટ કરી વિદ્યાર્થીનીઓને મહિલા સુરક્ષા અંગે માહિતી આપવામાં આવી**





ગાંધીનગર, તા.૧

૧લી ઓગસ્ટથી ૧૮ ઓગસ્ટ દરમિયાન ગાંધીનગર જીલ્લા પોલીસ દ્વારા મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી શરૂ કરવામાં આવી છે. મહિલા સશક્તિકરણ પખવાડીયાની ઉજવણીના ભાગરૂપે આજે જિલ્લાના તમામ પોલીસ મથકના મહિલા પોલીસ અધિકારીઓ દ્વારા સ્થાનિક શાળાઓમાં વિઝીટ કરી શાળાની વિદ્યાર્થિનીઓને મહિલા સુરક્ષા અંગે માહિતી આપવામાં આવી હતી. શહેરના સેક્ટર-૨૬ ખાતે આવેલી સરકારી પોલીટેકનીક ખાતે ૨૦૦થી વધુ વિદ્યાર્થીનીઓને તથા મહિલા કર્મચારીઓને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ તે ઉપરાંત સેલ્ફ ડિફેન્સના કોચ દ્વારા ડિફેન્સિવ ટેકનીક્સ પણ શીખવાડવામાં આવી હતી. મહિલા પોલીસ મથકના પીઆઈ મીનાક્ષીબેન પટેલ તથા સુરક્ષા સેતુના લાયઝન અધિકારી પી.સી વલેરા દ્વારા વિદ્યાર્થીનીઓને મહિલા સુરક્ષા બાબતે ઉપયોગી માહિતી પૂરી પાડવામાં આવી હતી. સમગ્ર જિલ્લામાં કુલ ૩ હજારથી વધુ વિદ્યાર્થીનીઓને જિલ્લા પોલીસ દ્વારા આ કાર્યક્રમ હેઠળ સુરક્ષા બાબતે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હોવાનું ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડાએ જણાવ્યું છે.

## વાવોલ ગામમાં તસ્કરોનો આતંક

ગાંધીનગર, તા.૧

પાટનગરના અડીને આવેલા વાવોલ ગામને તસ્કર ટોળકીએ ટાર્ગેટ બનાવીને ગામની અલગ-અલગ ત્રણ સોસાયટીઓના બંધ મકાનોને નિશાન બનાવ્યા હતા. તસ્કરો ત્રણ બંધ મકાનના તાળા તોડીને અંદરથી હાથફેરો કરી જે હાથમાં આવ્યુ તે કીમતી મુદ્દામાલ ચોરીને રફુચક્કર થઈ ગયા હતા. ત્રણ ઘરફોડ ચોરીઓ પૈકી હરીનગર સોસાયટી માં થયેલી ઘરફોડ ચોરીનો ગુનો દાખલ થવા પામ્યો છે. સેકટર-૭ પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

વાવોલ ગામની હરીનગર સોસાયટીમાં મકાન નં.એફ ૪/૬ ખાતે રહેતા કમલેશભાઈ રમેશભાઈ સોલંકી તેમના પરિવાર સાથે બે દિવસ માટે બહાર ગામ ગયા હતા તે દરમિયાન તેમના મકાનને તાળું હતું. આજે સવારે તેઓ પરત આવ્યા ત્યારે જોયું તો તેમના બંધ મકાનનું તાળુ તૂટેલી હાલતમાં હતું. મુખ્ય દરવાજાનો નકુચો તોડી મકાનમાં ઘુસેલા તસ્કરોએ અંદરથી સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂપિયા ૫૧,૮૦૦ની મત્તાની ચોરી કરી લીધી હતી. મકાન માલિક કમલેશભાઈ સોલંકીએ તેમના મકાનમાં થયેલી ઘરફોડ ચોરી મામલે સેકટર-૭ પોલીસ મથકમાં ફરિયાદ આપતા પી.એસ.આઈ એસ.ડી ચૌધરીએ ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી ફિંગર પ્રિન્ટ નિષ્ણાત અને ડોગ સ્કોડની ટીમ બોલાવી તસ્કરો સુધી પહોંચવા તપાસ શરૂ કરી છે. તો બીજી તરફ આ સોસાયટી ઉપરાંત અન્ય બે સોસાયટીઓમાં પણ બે બંધ મકાનના તાળા તુટ્યા હોવાની વિગતો બહાર આવી છે. વાવોલ-ઉવારસદ રોડ પર આવેલી આકાર લોરાઈઝ સોસાયટીમાં એક બંધ મકાનમાં તાળુ તુટ્યુ હતું. જોકે આ મકાનમાં ફર્નિચર સિવાય અને કોઈ માલ સામાન પડયો ન હોવાથી તસ્કરોને મહેનત માથે પડી હતી. તે ઉપરાંત વાવોલ કોલવડા રોડ ઉપર આવેલી શુભમ રેસીડેન્સી ફલેટની સ્કિમમાં એક બંધ મકાનનું તાળું પણ તૂટવા પામ્યુ હતુ. તસ્કરોએ શુભમ એક બંધ મકાનનું તાળુ તોડી અંદર ઘૂસીને જે હાથ લાગ્યું તે ઉઠાવી લીધું હતું જોકે મકાન માલિક બહારગામ હોવાથી મકાન માંથી શુ ગયું તે બાબત હજુ સુધી બહાર આવી શકી નથી.

### સે-૨૪માં વધુ બે દુકાનોના તાળા તુટ્યા

થોડા દિવસો પહેલા જ સેક્ટર-૨૪ અને સેક્ટર-૨૭ ખાતે મકાનો અને દુકાનોના તાળા તૂટયા હતા. આજે સે-૨૪ ખાતે રાત્રી દરમિયાન વધુ બે દુકાનના તાળા તૂટ્યા હોવાનું ધ્યાને આવ્યું છે. સે-૨૪ માં આવેલા ચંદ્ર ફોટો સ્ટુડિયો નજીક એક જ્વેલર્સની દુકાનનુ તસ્કરોએ શટર તોડયુ હતું. તસ્કર ટોળકીએ શટર તો તોડી નાખ્યું પરંતુ શટર ની અંદર સેફટી જાળી પણ હતી. સેફટી જાળી જોઈને તસ્કરો વધુ મહેનત કરવાનું છોડી ત્યાંથી નીકળી ગયા હતા. તે ઉપરાંત આ જ સેક્ટરમાં શાક માર્કેટ પાસેની શોપિંગમાં એક કરિયાણાની દુકાનનું પણ તાળુ તુટ્યુ હતું. ભવાની કિરાણા સ્ટોરનું તાળું તોડી તસ્કરો અંદર ગલ્લામાંથી રોકડ રકમ જે હાથ લાગે તે ઉઠાવી સરકી ગયા હતા. જો કે આ બંને દુકાનોના તાળા તુટ્યા અંગે પોલીસ ફરીયાદ થવા પામી નથી.

## ભોયણ રાઠોડ ગામમાં એક બોર કૂવા પરથી કેબલની ચોરી

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર નજીક આવેલા ભોયણ રાઠોડ ગામમાં રહેતા કૈલાસબેન પ્રવીણભાઈ પટેલના ખેતરમાંથી બોરકુવા પાસેનો કેબલ વાયર ચોરી કરી કેબલ ચોરો રફુચક્કર થઈ ગયા હોવાની ફરિયાદ પેથાપુર પોલીસ મથકમાં નોંધાવા પામી છે. ભોયણ રાઠોડ ગામના પરા એવા રામપુરા ખાતે આવેલા કૈલાસબેનના બોરકુવા પર ગઈ સાંજે છ વાગ્યાથી આજે વહેલી સવારે સાત વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન કેબલ ચોરો ત્રાટકયા હતા. ટ્યુબવેલ પરના વોટરવર્કસની ઓરડીથી બોરકુવા સુધી લગાવાયેલો ૨૫ મીટર લાંબો કેબલ વાયર નીકળી જઈને કેબલ ચોરો આ કેબલની ચોરી કરી ફરાર થઈ ગયા હોવાનું કૈલાસબેનના ધ્યાને આવ્યું હતું. રૂપિયા ૮ હજારની કિંમતના કેબલ વાયરની ચોરી અંગે કૈલાસબેન એ પેથાપુર પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે કેબલ ચોરીનો ગુનો દાખલ કરી ચોરો સુધી પહોંચવા કવાયત શરૂ કરી છે.

## વર્દીનો શર્ટ દોરડા સાથે બાંધીને પોલીસે કેનાલમાં ડૂબતી મહિલાને બચાવી..!!

**દોરડું અને શર્ટનો પણ પનો ટૂંકો પડતો હતો ત્યારે એક રાહદારી મહિલા આવી પહોંચી અને પોતે પહેરેલી સાડી કાઢીને શર્ટ અને દોરડા સાથે બાંધી કેનાલમાં તરફડીયા મારતી મહિલાને બચાવી લીધી : ઝુંડાલ કેનાલ પાસે કરેલી પ્રશંસનીય બચાવ કામગીરી**

ગાંધીનગર, તા.૧

અડાલજ પાસે આવેલા ઝુંડાલ કેનાલમાં ગઈકાલે બપોરના અરસામાં એક મહિલાએ પડતું મૂક્યું હતું. કેનાલમાં ડૂબી રહેલી મહિલાને પોલીસે અને અન્ય એક રાહદારી મહિલાએ જે રીતે બચાવી લીધી તે સાંભળતા કદાચ કોઈ ફિલ્મી દશ્યો યાદ આવી જાય તો નવાઈ નહિ. એક મહિલા કેનાલમાં ડૂબી રહી હોવાનો વાયરલેસ મેસેજ મળતા અડાલજ પોલીસ મથકની પીસીઆર સ્થળ પર પહોંચી ગઈ હતી અને પીસીઆર વાનમાં પડેલું દોરડુ નીકળી ડૂબતી મહિલાને બચાવવા પ્રયત્ન કરવામાં આવ્યો હતો. દોરડું ટૂંકુ પડતા પોલીસ કોન્સ્ટેબલે પોતે પહેરેલો વર્દીનો શર્ટ નીકાળી દીધો હતો અને દોરડા સાથે બાંધીને બચાવ કામગીરી શરૂ કરી હતી. તેમ છતાં પણ પનો ટૂંકો પડી રહ્યો હતો ત્યારે કેનાલ પાસેથી પસાર થયેલી એક મહિલાનું ધ્યાન પડતા તે પોલીસની ચાલતી બચાવ કામગીરીમાં જોડાઈ ગઈ હતી અને પોતે પહેરેલી સાડી કાઢી દોરડા અને વર્દીના શર્ટ સાથે બાંધી હતી અને કેનાલમાં ડૂબતી મહિલાને બચાવી લીધી હતી. પોલીસ અને રાહદારી મહિલાની આ બચાવ કામગીરી ખરેખર કાબિલે તારીફ હતી. ડૂબતી મહિલાને બહાર કાઢીને ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી તાત્કાલિક તેણીને અડાલજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર માટે મોકલી દેવાઈ હતી.

મળતી માહિતી મુજબ ગઈકાલે બપોરે ૧૨ વાગ્યાના અરસામાં પોલીસ કંટ્રોલ રૂમમાંથી અડાલજ પોલીસને વાયરલેસ મેસેજ મળ્યો હતો કે ઝુંડાલ નર્મદા કેનાલમાં એક મહિલાએ છલાંગ લગાવી છે. આ મેસેજ મળતાં જ અડાલજ પોલીસ મથકની પીસીઆર વાન ૧૯૭ લઈને કોન્સ્ટેબલ હિરેનકુમાર અને કોન્સ્ટેબલ કૃણાલકુમાર તાબડતોબ સ્થળ પર પહોંચી ગયા હતા અને કેનાલમાં તરફડીયા મારી રહેલી મહિલાને બચાવવા પીસીઆર વાનમાંથી દોરડું કાઢી બચાવ કામગીરી શરૂ કરી દીધી હતી. બંને કોન્સ્ટેબલે દોરડું કેનાલમાં ફેંક્યુ પરંતુ ડૂબી રહેલી મહિલા સુધી દોરડું પહોંચી શકે તેમ ન હતું. તાત્કાલિક કોન્સ્ટેબલ હિરેનકુમારે પોતે પહેરેલી વર્દીનો શર્ટ કાઢી દોરડાના છેડે બાંધી દીધો હતો અને મહિલાને બચાવવા પ્રયત્નો તેજ બનાવ્યા હતા. તેમ છતાં દોરડું અને શર્ટ ડૂબી રહેલી મહિલા સુધી પહોંચી શકતો ન હતો. પોલીસની આ બચાવ કામગીરી ચાલી રહી હતી એટલામાં જ ત્યાંથી એક મહિલા પસાર થયા હતા. ખોરજ ગામની સીમમાં આવેલી શિવ શક્તિ કાઠીયાવાડી હોટલના માલિક આ મહિલા શીલાબેન પુરોહિત પોલીસની બચાવ કામગીરીમાં જોડાઈ ગયા હતા. ક્ષણવારનો પણ વિચાર કર્યા વગર ડૂબતી મહિલાને બચાવવા શીલાબેને પોતે પહેરેલી સાડી કાઢીને દોરડા અને વર્દીના શર્ટ સાથે બાંધી દીધી હતી. પોલીસ અને રાહદારી મહિલાના આ પ્રયત્નથી ડૂબી રહેલી મહિલાને સફળતાપૂર્વક બહાર સલામત રીતે બહાર કાઢી દેવામાં આવી હતી અને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી અડાલજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. આપઘાત કરવા કેનાલમાં છલાંગ લગાવનાર ચાંદખેડાની મહિલા માનસિક બીમારીનો ભોગ બનેલી હતી. પોલીસ અને રાહદારી મહિલાની મહેનતથી આપઘાતનો પ્રયાસ કરનાર મહિલાનો જીવ બચાવવામાં સફળતા મળી હતી. આપઘાતનો પ્રયત્ન કરનાર મહિલાના પરિવારજનોને બોલાવીને સહી-સલામત સોંપવામાં આવતા તેણીના પરિવારના સભ્યો પણ આ બચાવ કામગીરી કરનાર પોલીસ અને મહિલાનો આભાર માનતા થાકતા ન હતા. આ બચાવ કામગીરીને અડાલજ પીઆઈ જે જી વાઘેલાએ પણ બિરદાવી છે.

### ચિરવિદાય

● સ્વ. હિરાબા બચુજી વાઘેલા, ઉ.વ. ૭૫

● સ્વ. દેવજીભાઈ શામજીભાઈ વિસાવાડીયા, ઉ.વ. ૭૬